**ક્રિમી.કેસ. નં. ૧૨૮/૨૦૨૧**

**-:: આંક- ૧ લગત હુકમ ::-**

ફરીયાદીએ હાલની ફરીયાદ નેગો. ઈન્સ્ટુ.એકટ ની કલમ- ૧ ૩૮ અન્વયે ખાનગી ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે. આરોપીઓના સમન્સ ની બજવણી કરવા પુરતા સરનામા રજુ કરવાની તથા બજવણી કરાવવાની ફરીયાદીની ફરજ છે. રેકર્ડ ધ્યાને લેતા સદર કામ ઘણા સમયથી આરોપીઓની બજવણી માટે પેન્ડીંગ જણાઈ આવે છે. ફરીયાદીને વારંવાર રજી.પોસ્ટ.એડી. તથા સ્પિડ પોસ્ટ થી સમન્સ બજવા હુકમ કરેલ હોવા છતાં ફરીયાદીએ રજી. પોસ્ટ કર્યાનો કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી. તેમજ સદર કામે આરોપી રાજસ્થાન રાજયના રહેવાસી હોય લોકલ પોલીસ મારફતે બજવણી કરવાનો હુકમ કરવામાં આવેલ જેમાં આરોપીઓ દર્શાવેલ સરનામે મળી આવેલ નહી અને ઘરે સીલ મારેલ હોવાનુ બાકોર પો.સ્ટે. ના બજવણી અધીકારી નાઓએ રીપોર્ટ કરેલ છે.જેથી ત્યારબાદ તા. ૧૮/૭/૨૦૨૬ ના રોજ ફરીયાદના વિ.વ.શ્રી. એ આરોપીના રહેઠાણનુ નવુ સરનામુ લાવવા તથા બજવણી કરવા વધુ એક મુદત માંગતા મુદત આપેલ તેમ છતાં આજરોજ ફરીયાદી હાજર નથી, ફરીયાદીના વ.શ્રી હાજર છે પરંતુ કોઈ રજુઆત નથી. આરોપીઓના સરનામા વગર બજવણી થઈ શકે તેમ નથી કે આગળ કામ ચાલે તેમ નથી. આજરોજ ફરીયાદી હાજર ન હોય અને કોઈ રજુઆત ન હોય સદર ફરીયાદને પેન્ડીંગ રાખવી ઉચીત જણાતી ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ ::**

ફરીયાદીની હાલની ફરીયાદ સી.આર.પી. સી. કલમ- ૨૫૬ મુજબ ફરીયાદીના ગેરહાજરીના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ યાને કે રદ કરવાનો

હુકમ કરવામાં આવે છે.આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૧ મી ઓગષ્ટ સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૧/૦૮/૨૦૨૬<br>
બાકોર.

**( એ.ડી.પરમાર )**<br>
પ્રિન્સીપાલ સીવીલ જજ અને<br>
જયુડી. મેજી. ફ.ક.<br>
ખાનપુર,મુ. બાકોર<br>
જજ કોડ જીજે. ૦૧૩૫૯